એશિયન ગેમ્સ 2026: 106 મેડલના રેકોર્ડને તોડવા ભારતીય દળ સજ્જ



તજિંદરપાલને કિટ ન મળતા તેના સ્થાને પવન સેહરાવત મનુ ભાકર સાથે ધ્વજવાહક બન્યો

501 ભારતીય ખેલાડીઓ 36 રમતોમાં રમશે

આઈચી-નાગોયામાં 11,000 અલ્ટીમેટ એથ્લેટ્સ વચ્ચે 469 ગોલ્ડ માટે જંગ

નાગોયા, તા. 19 (પીટીઆઈ): તમામ લોજિસ્ટિકલ અને આયોજન વિવાદોને પાછળ છોડીને જાપાને શનિવારે તેના ઔદ્યોગિક અને સાંસ્કૃતિક કૌશલ્યના પ્રદર્શન સાથે 20મી એશિયન ગેમ્સનો ભવ્ય પ્રારંભ કરાવ્યો છે.

જાપાન ત્રીજી વખત એશિયન ગેમ્સનું આયોજન કરી રહ્યું છે. 30,000ની ક્ષમતા ધરાવતા મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં જાપાની સમ્રાટ નરુહિતો, ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમાદ અલ થાની અને IOC પ્રમુખ ક્રિસ્ટી કોવેન્ટ્રીની હાજરીમાં ગેમ્સ ખુલ્લી મુકાઈ હતી.

ઉદ્ઘાટન સમારોહમાં પ્રસિદ્ધ વાયોલિન વાદક તારો હાકાસેના સંગીત સાથે 240 સ્થાનિક કલાકારોએ લાઈવ પરફોર્મ કર્યું હતું. સ્ટેજ પર રોબોટિક આર્મ, આકાશી ડ્રોન અને એશિયન ગેમ્સના સત્તાવાર મસ્કોટ 'હોનોહોન' (જેનો અર્થ જાપાનીઝમાં અગ્નિ/ઝળહળતી જ્યોત થાય છે) આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. 45 દેશો અને ઓસીએ રિફ્યુજી ટીમ સહિત કુલ 46 દળો આ રમતકુંભમાં ભાગ લઈ રહ્યા છે.

ગોલ્ડ મેડલિસ્ટ પિતા-પુત્રની જોડીએ મુખ્ય જ્યોત પ્રજ્વલિત કરી ઇતિહાસ રચ્યો

એશિયન ગેમ્સના ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં હેમર થ્રો રમતના દિગ્ગજો અને પિતા-પુત્રની જોડી શિગેનોબુ મુરોફુશી અને કોજી મુરોફુશીએ મશાલોત્સવના અંતે મુખ્ય જ્યોત પ્રજ્વલિત કરી ઐતિહાસિક ક્ષણ સર્જી હતી. શિગેનોબુ એશિયન ગેમ્સમાં સતત પાંચ વખત સળંગ ગોલ્ડ મેડલ વિજેતા રહી ચૂક્યા છે, જ્યારે તેમના પુત્ર કોજી મુરોફુશી 2004 એથેન્સ ઓલિમ્પિક્સના ગોલ્ડ મેડલિસ્ટ છે. એશિયન ગેમ્સના 75 વર્ષથી વધુના ઇતિહાસમાં પિતા-પુત્રએ એકસાથે મુખ્ય મશાલ પ્રજ્વલિત કરી હોય તેવી આ સૌપ્રથમ ઐતિહાસિક ક્ષણ છે.

ભારતીય માર્ચ પાસ્ટ અને ધ્વજવાહક

ભારતીય ધ્વજવાહક મનુ ભાકર અને પવન સેહરાવત 150 સભ્યોના ભારતીય માર્ચ-પાસ્ટ દળનું નેતૃત્વ કરતા સ્ટેડિયમમાં પ્રવેશ્યા હતા. પરિડે ઓફ નેશન્સમાં ભારતીય ટુકડી નેવી બ્લુ બંધગળા જેકેટ અને સાડીમાં સ્ટેડિયમમાં પ્રવેશી ત્યારે ભારતીય પ્રેક્ષકોએ તાળીઓ અને ચિચિયારી પાડી સ્વાગત કર્યું હતું. ટેકનિકલ કારણોસર તજિંદરપાલ સિંહ તૂરને કિટ ન મળતા તેના સ્થાને પવન સેહરાવતને ધ્વજવાહક બનવાનું આ સન્માન મળ્યું હતું.

હાંગઝૂ એશિયન ગેમ્સનો રેકોર્ડ તોડવા પર ભારતની નજર

ભારતે આ વખતે 36 રમતોમાં 501 ખેલાડીઓનું વિશાળ દળ મોકલ્યું છે. 2023ની હાંગઝૂ એશિયન ગેમ્સમાં ભારતે 28 ગોલ્ડ સહિત 106 મેડલ જીતીને ચોથું સ્થાન મેળવ્યું હતું, જેને વટાવી જવાનો આ વખતે લક્ષ્યાંક છે. ભારત તરફથી શૂટિંગ, એથ્લેટિક્સ, કબડ્ડી, બોક્સિંગ અને કુસ્તી ઉપરાંત પ્રથમ વખત ટેકબોલ અને ઈ-સ્પોર્ટ્સમાં પણ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

અગરકર મુખ્ય પસંદગીકારનું પદ છોડશે

4 ઓક્ટોબરે કોન્ટ્રાક્ટ પૂર્ણ થતાં અગરકરે પદ પર ન રહેવાની બોર્ડને જાણ કરી

મુંબઈ, તા. 19 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટમાં એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) અજિત અગરકરે આ હાઈ-પ્રોફાઈલ પદ પર આગળ ન ચાલુ રાહેવાનો નિર્ણય લીધો છે. 47 વર્ષીય ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર અગરકરે બીસીસીઆઈ (BCCI)ના ઉચ્ચ અધિકારીઓને શુક્રવારે સત્તાવાર રીતે જાણ કરી દીધી છે કે તેઓ હવે પછી આ જવાબદારી સંભાળવા ઈચ્છતા નથી. અગરકરનો ચીફ સિલેક્ટર તરીકેનો કરાર 4 ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે. મુંબઈ ખાતે શુક્રવારે યોજાયેલી વાર્ષિક સાધારણ સભા (AGM) દરમિયાન બોર્ડના સભ્ય એકમોએ હોદ્દેદારોને અગરકરના ભવિષ્ય અને નવી પસંદગી સમિતિ અંગે નિર્ણયો લેવાની સંપૂર્ણ સત્તા સોંપી દીધી છે. હવે BCCI ટૂંક સમયમાં નવા ચીફ સિલેક્ટરની નિમણૂક માટેની પ્રક્રિયા હાથ ધરશે. અગરકરની આક્રમક રણનીતિ અને યુવા-અનુભવી ખેલાડીઓના સફળ મિશ્રણ વચ્ચે બોર્ડ હવે તેમની જગ્યાએ નવા ચહેરાની શોધ શરૂ કરશે.

અગરકરના કાર્યકાળની મુખ્ય સફળતાઓ

એશિયા કપ 2023: શ્રીલંકાને હરાવીને ટ્રોફી જીતી.
વનડે વર્લ્ડકપ 2023: ભારતે ટુર્નામેન્ટમાં સતત 10 મેચ જીતીને ફાઇનલ સુધીની સફર કરી.
T20 વર્લ્ડકપ 2024: સાઉથ આફ્રિકાને હરાવીને ભારતે ટી-20 વર્લ્ડકપનો ખિતાબ પોતાના નામે કર્યો.
ICC ટેસ્ટ ચેમ્પિયનશિપ: ભારતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે મહત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીઓમાં વિજય મેળવી ફાઇનલમાં સ્થાન જાળવી રાખ્યું.

રોહિતના ભવિષ્ય અંગે મતભેદ અને લક્ષ્મણ સાથે ખટરાગના કારણે અગરકર થયો બહાર

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે પદ પર આગળ ન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે, જેની પાછળ પૂર્વ કેપ્ટન રોહિત શર્માના ભવિષ્ય અંગે બોર્ડ સાથેનો વિવાદ અને સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)ના વડા VVS લક્ષ્મણ સાથેના મતભેદો મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. રિપોર્ટ અનુસાર, લોર્ડ્સ વનડે બાદ 2027ના વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને અગરકર સમિતિ રોહિતની જગ્યાએ યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને ટીમમાં વધુ તકો આપવા માગતી હતી. ત્યારબાદ બીસીસીઆઈએ સત્તાવાર નિવેદન જારી કરીને રોહિતનું સમર્થન કર્યું હતું. બોર્ડના આ વલણથી અગરકર ભારે નારાજ થયા હતા. આ સિવાય, પૂર્વ ભારતીય ખેલાડી VVS લક્ષ્મણ સાથે ઈજાગ્રસ્ત ખેલાડીઓની નીતિ, એશિયન ગેમ્સમાં ભારતીય ટીમ મોકલવાની બાબત અને 'ઇન્ડિયા-A' મેચોના શિડ્યુલિંગને લઈને પણ અગરકરના ગંભીર વિરોધાભાસ હતા. આ સિવાય, છેલ્લા એક મહિનાથી બીસીસીઆઈએ પણ એવા સંકેતો આપી દીધા હતા કે તેઓ અગરકરનો કરાર આગળ વધારવા ઈચ્છતા નથી.

એશિયન ગેમ્સ ટેકબોલ: ક્વિમ્સી ડીસોઝા હવે બ્રોન્ઝ માટે રમશે

સેમિફાઈનલમાં મુંબઈની ક્વિમ્સીનો ઇન્ડોનેશિયાની સુમાયા સામે 1-2થી પરાજય

નાગોયા, તા. 19 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં પ્રથમ વખત રમાઈ રહેલી ટેકબોલ સ્પર્ધામાં ભારતની ક્વિમ્સી ડીસોઝા સેમિફાઈનલમાં શાનદાર શરૂઆત છતાં હારી ગઈ છે. મહિલા સિંગલ્સના રોમાંચક મુકાબલામાં 24 વર્ષીય ક્વિમ્સીને ઈન્ડોનેશિયાની સુમાયા સામે 12-7, 9-12, 7-12થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. જોકે, તેની મેડલ જીતવાની આશા હજુ જીવંત છે અને તે હવે બ્રોન્ઝ મેડલ પ્લે-ઓફ મેચમાં રમશે. મુંબઈની પૂર્વ ફૂટબોલર ક્વિમ્સીએ પ્રથમ ગેમ 12-7થી સરળતાથી જીતી લીધી હતી. પરંતુ ઈન્ડોનેશિયાની ખેલાડીએ કમબેક કરીને આગામી બંને ગેમ જીતી ફાઈનલમાં જગ્યા બનાવી હતી.

એશિયન ગેમ્સમાં આજનું ભારતનું શેડ્યુલ

નાગોયા, તા. 19 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2026માં રવિવાર, 20 સપ્ટેમ્બરના રોજ ભારતીય ખેલાડીઓ અને ટીમોનું સંપૂર્ણ શેડ્યુલ (ભારતીય સમય મુજબ - IST) નીચે મુજબ છે.

હોકી

મહિલા (પુલ B) - ભારત વિ. ઉઝબેકિસ્તાન - સવારે 7.30 વાગ્યે

પુરુષ (પુલ A) - ભારત વિ. ઇન્ડોનેશિયા - સવારે 11.30 વાગ્યે

ક્રિકેટ

મહિલા સેમિફાઇનલ - ભારત વિ. બાંગ્લાદેશ - સવારે 10.30 વાગ્યે

શૂટિંગ

મહિલા 10 મીટર એર રાઇફલ ક્વોલિફાઈંગ અને ટીમ ફાઇનલ - ઇલાવેનિલ વાલારિવન, સોનમ મસ્કર, વિદર્શા વિનોદ - સવારે 6.15 વાગ્યે (મેડલ ઇવેન્ટ)

મહિલા 10 મીટર એર રાઇફલ વ્યક્તિગત ફાઇનલ - ઇલાવેનિલ વાલારિવન, સોનમ મસ્કર, વિદર્શા વિનોદ - સવારે 11.00 વાગ્યે (ક્વોલિફિકેશનને આધીન) (મેડલ ઇવેન્ટ)

ટેકબોલ

મહિલા સિંગલ્સ બ્રોન્ઝ મેડલ મેચ - ક્વિમસી ડિસોઝા વિ. યુઇના સાકામોટો (જાપાન) - સવારે 6.30 વાગ્યે (મેડલ ઇવેન્ટ)

મિક્સ ડબલ્સ બ્રોન્ઝ મેડલ મેચ - ક્વિમસી ડિસોઝા/મોહમ્મદ અનસ બેગ વિ. હોઆંગ મિન્હ તાન નગ્ગુયેન/ગિયા નગી ત્રિન્હ (વિયેતનામ) - સવારે 7.00 વાગ્યે (મેડલ ઇવેન્ટ)

ટેબલ ટેનિસ

મહિલા ટીમ ગ્રુપ F - ભારત વિ. ઇન્ડોનેશિયા - સવારે 6.30 વાગ્યે

પુરુષ ટીમ (ગ્રુપ F) - ભારત વિ. ઇન્ડોનેશિયા - સવારે 9.00 વાગ્યે

મહિલા ટીમ (ગ્રુપ F) - ભારત વિ. સિંગાપોર - બપોરે 12.30 વાગ્યે

પુરુષ ટીમ (ગ્રુપ F) - ભારત વિ. ઈરાન - બપોરે 3.00 વાગ્યે

હાઇબ્રિડ મિક્સ માર્શલ આર્ટ્સ (MMA)

મહિલા ટ્રેડિશનલ 60 kg ક્વાર્ટર ફાઇનલ - સુચિકા તારિયાલ વિ. અલ્તાનચિમેગ બાઇગાલમા (મંગોલિયા) - સવારે 7.10 વાગ્યે

પુરુષ ટ્રેડિશનલ 77 kg ક્વાર્ટર ફાઇનલ - વરુણ સાન્યાલ વિ. TBC - બપોરે 2.00 વાગ્યે

સ્વિમિંગ

પુરુષ 100 મીટર ફ્રીસ્ટાઇલ હીટ 5 - આકાશ મણિ - સવારે 7.22 વાગ્યે

પુરુષ 100 મીટર બેકસ્ટ્રોક હીટ 3 - ઉત્કર્ષ પાટિલ અને ઋષભ દાસ - સવારે 7.37 વાગ્યે

બેડમિન્ટન

મહિલા ટીમ રાઉન્ડ ઓફ 16 - ભારત વિ. કઝાકિસ્તાન - સવારે 11.30 વાગ્યે

સેપક ટાકરો

પુરુષ ટીમ રેગુ પ્રિલિમિનરી (ગ્રુપ B) - ભારતીય ટીમ - સમય જાહેર થવો બાકી

વુશુ

પુરુષ ચાંગક્વાન ફાઇનલ - સૂરજ સિંહ મયંગલામ્બમ - સવારે 5.30 વાગ્યે (મેડલ ઇવેન્ટ)

મહિલા 52 kg સાંડા રાઉન્ડ ઓફ 16 - અપર્ણા વિ. સોગંદ સિંકાયચેતન (ઈરાન) - બપોરે 3.10 વાગ્યે

પુરુષ 75 kg સાંડા રાઉન્ડ ઓફ 16 - વિક્રાંત બલિયાન વિ. સોહેલ મુસાવી (ઈરાન) - સાંજે 4.50 વાગ્યે

એશિયા કપની બંને ટ્રોફી દુબઈથી ટૂંક સમયમાં ભારતમાં લવાશે: BCCI

નવી દિલ્હી, તા. 19: ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમ દ્વારા જીતવામાં આવેલી એશિયા કપની બંને ટ્રોફી હાલ દુબઈ સ્થિત એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના મુખ્યાલયમાં રાખવામાં આવી છે. શુક્રવારે મુંબઈ ખાતે યોજાયેલી BCCIની 95મી વાર્ષિક સાધારણ સભા (AGM) બાદ બોર્ડના સચિવ દેવાજીત સૈકિયાએ આશ્વાસન આપ્યું હતું કે આ બંને ઐતિહાસિક ટ્રોફીઓ આખરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ સ્થિત બીસીસીઆઈ હેડક્વાર્ટર ખાતે જ લાવવામાં આવશે.

સૈકિયાએ સમયમર્યાદા આપ્યા વિના જણાવ્યું હતું કે, 'હું કોઈ ચોક્કસ સમય નહીં આપું, પણ ખાતરી આપું છું કે બંને ટ્રોફીઓ અંતે મુંબઈમાં જ ઉતરશે.'

ઉલ્લેખનીય છે કે પીસીબી અધ્યક્ષ મોહસિન નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરાયા બાદ આ ટ્રોફીઓ દુબઈમાં રાખવામાં આવી હતી.

એશિયન ગેમ્સ સેમિફાઈનલમાં ભારતીય મહિલા ટીમ સામે બાંગ્લાદેશનો પડકાર

નિશીન (જાપાન), તા. 19 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જાળવી રાખવાના ઈરાદા સાથે ઉતરેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ રવિવારે સેમિફાઈનલમાં પોતાની પરંપરાગત હરીફ બાંગ્લાદેશ સામે ટકરાશે. ભારતે ક્વાર્ટર ફાઈનલમાં યજમાન જાપાનને 8 વિકેટે આસાનીથી હરાવીને શાનદાર પ્રારંભ કર્યો હતો, જ્યારે બાંગ્લાદેશ ચીન સામેની મેચ રદ્દ થયા બાદ ઉચ્ચ આઈસીસી રેન્કિંગના આધારે સેમિફાઈનલમાં પહોંચ્યું છે.

ટીમ ઈન્ડિયાનું બાંગ્લાદેશ સામે આક્રમક પ્રદર્શન રહ્યું છે અને છેલ્લી નવ મેચોમાં ભારતે સતત વિજય મેળવ્યો છે. ભારતીય સ્પિનર શ્રી ચારણી, દીપ્તિ શર્મા અને શ્રેયંકા પાટિલ શાનદાર ફોર્મમાં છે.

જ્યારે બેટિંગમાં કેપ્ટન હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા પર મુખ્ય જવાબદારી રહેશે. બાંગ્લાદેશના સ્પિનરો નાહિદા અખ્તર અને રાબિયા ખાન ભારતીય બેટિંગ ક્રમ માટે પડકાર ઊભો કરવાનો પ્રયાસ કરશે.

એશિયન ગેમ્સ પહેલા ભારતીય ક્રિકેટ ટીમ કિટની સાઇઝની સમસ્યાથી પરેશાન

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ માટે રવિવારે વહેલી સવારે જાપાન રવાના થનારી શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય પુરુષ ક્રિકેટ ટીમને પ્લેયર્સ કિટ (જરસી)ની સાઇઝને લઈને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. BCCI અને IOAના કિટ સપ્લાયર JSW ઈન્સ્પાયર વચ્ચે સાઇઝ સુધારવા અંગે વાટાઘાટો થઈ હતી, જેમાં મોટાભાગની સમસ્યા ઉકેલાઈ ગઈ છે. ભારતીય ટીમ 22 સપ્ટેમ્બરે જાપાન સામેની ટી-20માં નિયમિત કિટ અને ત્યારબાદ એશિયન ગેમ્સની જરસી પહેરશે.

બીજી તરફ, નાગોયામાં ખેલાડીઓને રોકાવામાં પડી રહેલી વિલંબની સમસ્યાને ધ્યાનમાં રાખીને, બીસીસીઆઈએ પુરુષ ટીમ માટે પોતાની અલગ હોટેલ વ્યવસ્થા કરી છે.

સુડોકુ ૬૬૩૩ 'કૃતિ'

૭	૫			૧	૨	૬	૪	૯
૬	૯					૧		
				૬		૭	૨	૫
		૪	૭	૯	૬		૧	
	૨			૮	૫		૬	
૫	૧		૨					૭
			૪	૫				૬
	૬		૮	૭		૯		૪
૪	૮	૫	૬		૯			૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

એલર્જી (અર્ટિકેરિયા)

શેના કારણે થાય છે તે ખબર પડે તો તેનાથી દૂર રહો. પણ ક્યારેક પકડાતાં નથી. અમદાવાદના એક અનુભવી વૈદરાજ બહેન મહાનારાયણ તેલનું પીચૂ ગુદામા મૂકી આપતાં. ત્વરિત અસર થતી.

ચેસ ઓલિમ્પિયાડ: ભારતીય પુરુષ ટીમે સ્પેનને 3-1થી હરાવ્યું

સમરકંદ (ઉઝબેકિસ્તાન), તા. 19 (પીટીઆઈ): ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે યોજાઈ રહેલા 46મા ચેસ ઓલિમ્પિયાડના ચોથા રાઉન્ડમાં ભારતીય પુરુષ ટીમે પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખીને સ્પેન સામે 3-1થી આક્રમક જીત નોંધાવી છે. વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ અને અર્જુન એરિગેસીની શાનદાર જીત ભારતીય સફળતાની મુખ્ય આધારશિલા બની હતી. બીજા બોર્ડ પર રમતા અર્જુન એરિગેસીએ સફેદ મહોરાઓ સાથે કિંગ-સાઈડ પર આક્રમક રમત દાખવી મકસીમ ચિગાઈવને પરાજય આપ્યો હતો. ત્યારબાદ વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશે પૂર્વ વર્લ્ડ ચેમ્પિયનશિપ ચેલેન્જર એલેક્સી શિરોવ સામે વિજય મેળવ્યો હતો. અન્ય મુકાબલાઓમાં આર પ્રજ્ઞાનાનંદાએ ડેવિડ એન્ટન ગુઈજારો સામે અને નિહાલ સરીને જેમે સાંતોસ લાતાસા સામે ડ્રો રમીને ટીમને 3-1થી વિજયી બનાવી હતી. બીજી તરફ, મહિલા વિભાગના ચોથા રાઉન્ડમાં ભારતીય ટીમે મંગોલિયા સામે 3-1થી વિજય મેળવ્યો હતો.

આજનું પંચાંગ

તા. 20/09/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: સુદ: નોમ: 17:52- શ્રીહરિ જયંતી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવા: 29
યોગ : સૌભાગ્ય **કરણ:** તૈતિલ
નક્ષત્ર : પૂ.ષા.:- 28:35
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : અશુભ- અદુઃખ નવમી, ભાગવત સપ્તાહારંભ
સુરતમાં સૂર્યોદય : 06:28 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:36
નવકારસી : 07:16
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 07મોરોજ
મુસલમાન વર્ષ : 1448, રબિઉલ આખર માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સાંજે: 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): તમારી નેતૃત્વ શક્તિની કદર થાય. ઉચ્ચપદની પ્રાપ્તિ થઈ શકે છે. અચાનક ઈચ્છિત રોમેન્ટીક મુલાકાત થાય.

વૃષભ (બ,વ,ઉ,): કામનો બોજ વધશે. ધીરજ રાખવી. વિવાદ ટાળવો. લેવડ-દેવડમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ,): સામુહિક કામ કરવાથી નવું શીખવા મળે. અને કાર્ય સફળ બને. આર્થિક બાબતે સાવધાની રાખવી.

કર્ક (ડ,હ,): નોકરી બાબતે શુભ સમાચાર મળે. આર્થિક જોખમથી બચવું. હરીફોથી સાવધાન રહેવું.

સિંહ (મ,ટ,): જીવનસાથી અને મિત્રોનો સાથ મળે. પ્રેમ વિવાહમાં ધીરજ રાખવી. અટકેલા નાણાં છૂટા થઈ શકે છે.

કન્યા (પ,ઠ,ણ,): કાર્ય સ્થળ પર વિવાદ કરવો નહીં. નવા કામની શરૂઆત થઈ શકે છે. પરિવારજનોનો સાથ મળે.

તુલા (ર,ત,): વેપાર ધંધાનો વિસ્તાર કરવાની યોજના હકારાત્મક રહેશે. પ્રેમ વિવાહમાં વડીલો-મિત્રોનો સાથ મળે.

વૃશ્ચિક (ન,ય,): પારિવારિક ધંધામાં જૂના ગ્રાહકોનો સાથ મળે અને અચાનક યોજના પાર પડે. આર્થિક લાભ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): નવો હોદ્દો કે અધિકાર મળે. કામનો વિસ્તાર થાય. સામાજિક સંબંધો મજબૂત બને. જીવનસાથીનો સાથ મળે.

મકર (ખ,જ,): કાર્યક્ષેત્રે સહકર્મીઓ સાથે તાલમેળ રાખવો. આરોગ્યના ખર્ચા વધે. અચાનક જવાબદારી વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): પ્રેમમાં વિશ્વાસ વધે. અભ્યાસમાં પ્રગતિ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રોનો સાથ રહે.

મીન (દ,ચ,ઝ,થ,): નોકરીમાં નવાં ફેરફાર સ્થાનફેરથી નવી જવાબદારી વધશે. ધંધામાં આવક વધે. વડીલોનો સાથ મળે.

કોઈ પણ સાલમાં 20 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવી તકો મળે. નવો ફેરફાર અને ટેકનોલોજીનું જ્ઞાન વધે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં માન વધે. સંતાનોના કામ, અભ્યાસ- કેરીયરમાં પ્રગતિથી શાંતિ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી રાહત થાય. સામાજીક પ્રશ્નો, વારસા, જાયદાદ જમીન વગેરે કામમાં વડીલોનો સાથ મળે. ઊંમર-લાયકના વિવાહ થાય પ્રેમ વિવાહની શક્યતા વધશે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. નવા ઘર, વાહન, મકાનનાં કામ સરળ બને. વર્ષ દરમિયાન મિત્રોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 02, 11,20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05, 08 તારીખે નવાં કામ ટાળવો. લીલો, નીલો, કાળા રંગનો ઉપયોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.